ટોચ અગ્રતા,

E-Mail

ક્રમાંકઃપ્રાશિનિ/RTE/પ્રવેશ/૨૦૨૧/૧૧૨૮-૫૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
બ્લોકનં.૧૨/૧,ડૉ.જી.મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર,તા.૧૭/૦૮/૨૦૨૧

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ, વડોદરા, સુરત, ભાવનગર, ગાંધીનગર, જામનગર

વિષયઃ- RTE પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૧-૨૨નાં બીજા રાઉન્ડ માટે ખાલી જગ્યા ધરાવતી શાળાઓની પુનઃ પસંદગી કરવા બાબતે જિલ્લા કક્ષાએથી પ્રચાર-પ્રસાર કરવા બાબત

સંદર્ભઃ- અત્રેની કચેરીનો પત્રક્રમાંકઃ પ્રાશિનિ/RTE/પ્રવેશ/૨૦૨૧/૧૦૭૨-૧૧૧૨ તા. ૦૪/૦૮/૨૦૨૧

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, RTE ACT-2009ની કલમ 12.1.(C) હેઠળ નબળા અને વંચિત જૂથના બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં ધોરણ-૧માં વિનામૂલ્યે પ્રવેશ આપવાની કાર્યવાહી ઓનલાઈન હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ તા. ૨૭/૦૭/૨૦૨૧ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જેમાં આશરે ૬૨,૯૮૫ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો.

જે વિદ્યાર્થીઓની અરજીઓ માન્ય થયેલ હોય અને, RTE પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળેલ નથી માત્ર તેવા જ વિદ્યાર્થીઓને આર.ટી.ઈ હેઠળની ખાલી જગ્યા ધરાવતી બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓની પુનઃ પસંદગી કરવાની તક તાઃ- ૧૯/૦૮/૨૦૨૧, ગુરુવાર થી તાઃ- ૨૧/૦૮/૨૦૨૧,શનિવાર સુધી આપવામાં આવશે. જે માટે પ્રથમ રાઉન્ડમાં પ્રવેશથી વંચિત રહેલ બાળકોના વાલીઓએ RTE ના વેબપોર્ટલ http://rte.orpgujarat.com પર જઇ શાળાઓની પુનઃ પસંદગીનાં મેનુ પર ક્લિક કરવાનું રહેશે. ત્યારબાદ એપ્લીકેશન નંબર અને જન્મ તારીખની મદદથી લોગ ઇન કરી શાળાઓની પુનઃ પસંદગી કરવાની રહેશે. શાળાઓની પુનઃ પસંદગી વખતે પોતાની પસંદગીનાં ક્રમ મુજબની શાળાઓ પસંદ કરવાની રહેશે. જે અરજદારો શાળાઓની પુનઃ પસંદગી કરવા ન માંગતા હોય તો તેઓ દ્વારા અગાઉ પસંદ કરેલ શાળાઓને માન્ય રાખી નિયમાનુસાર બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જે ધ્યાને લઇ સદર બાબતે આપની કક્ષાએથી પ્રચાર-પ્રસાર કરવાની વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે. તેમજ આપના જિલ્લાની હેલ્પલાઈન શરૂ રહે અને વાલીઓના પ્રશ્નોનું નિરાકરણ થઈ શકે તે મુજબની વ્યવસ્થા આપની કક્ષાએથી કરવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે, અત્રેની કચેરીના સંદર્ભ દર્શિત પત્રથી ટેકનિકલ ભૂલ/શાળા બંધ હોય તેવા વિદ્યાર્થીઓની વિગતો આપના જિલ્લા દ્વારા અત્રેની કચેરીને મોકલી આપવામાં આવેલ છે. સદર વિગતમાં સામેલ વિદ્યાર્થીઓનો પ્રવેશ પ્રક્રિયાના બીજા રાઉન્ડમાં સામાવેશ કરેલ હોઈ આવા તમામ વિદ્યાર્થીઓને જિલ્લા કચેરીએથી સંપર્ક કરી બીજા રાઉન્ડમાં વધુમાં વધુ શાળાઓ પસંદ કરવા અચુક માર્ગદર્શન આપવા જણાવવામાં આવે છે.

બિડાણઃ અખબારી યાદી

સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

**નકલ રવાનાઃ (જાણ તેમજ કાર્યવાહી સારૂ): જનરલ મેનેજરશ્રી, ઈન્ડેક્સ બી, ગાંધીનગર**